R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 20 • PAGES : 20 • MUMBAI • DATE : 20TH AUGUST 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

## પ્રકાશ સમીક્ષાની કેડીને રાજમાર્ગ બનાવનાર તંત્રીશ્રીને ૧૬ મી પુણ્યતિથિએ આદરાંજલિ



### શ્રી સનત નરપાર શાહ

ગામ : મોટી સિંધોડી, હાલ : સાયન, મુંબઈ • અરિહંત શરણ : તા. ૩૦-૮-૨૦૦૭

આદર્શોને વ્યવહાર બનાવતાં વિતાવ્યું જીવન,
પત્રકારત્વથી સમૃધ્ધ કર્યું જ્ઞાતિનું સમાજ જીવન,
સ્વજનોને શીખવ્યું કેમ વિસ્તારવા સીમાંકન,
સદાયે જીવંત પાવન સ્મૃતિને સાદર વંદન!

આપના સતત સળંગ પાંચ દાયકાથી વિશેષ સમયકાળના તંત્રીપદ અને પત્રકારિત્વના ગૌરવાન્વિત યોગદાનને આ સોળમી પુણ્યતિથિએ નતમસ્તક શ્રધ્ધાંજલિ

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




TÜV NORD ISO 9001 | API Q 6D 0301 | CE 0045 | FS SIL 3 IEC 61508 | Ex ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી
સ્થાનેથી

# કદઓ હોમ ફાઈનાન્સ-૧



કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)

પ્ર.સ.ના છેલ્લા બે તંત્રી લેખમાં કચ્છમાં એકદમ ઘટી રહેલી કચ્છીઓની, ખાસ કરીને જૈનોની વસ્તી માટે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. જાણે એ વાતનો પડઘો પડતો હોય તેમ ગુજરાતના એક અખબારમાં તાજેતરમાં એક સમચારમાં કચ્છીઓની કચ્છમાં ઘટતી જતી વસ્તીની નોંધ લેવામાં આવી છે. એમાં કહેવામાં આવ્યું છે કે કચ્છના સરહદી ગામોમાં હિંદુઓની વસ્તી હદ બહાર ઘટી છે. આની સામે પ્રધાનમંત્રીશ્રી એ એમના ૧૫ ઓગસ્ટના લાલ કિલ્લા ઉપરથી દેશને સંબોધતા કહ્યું કે તેઓ 'વાઈબ્રન્ટ બોર્ડર વિલેજ' એટલે કે સરહદના ગામોનો ઝડપી વિકાસ કરવા ઈચ્છે છે.

કદઓ જ્ઞાતિ કચ્છના વિકાસ માટે શું ભાગ ભજવી શકે છે? જ્ઞાતિ પાસે મુંબઈમાં બેંક છે. મોટી જમીનો, મકાનો છે. વિદ્યાર્થીગૃહ વગેરે છે. પ્ર.સ.માં પાછલા તંત્રી લેખોમાં જણાવ્યું હતું કે દરેક ગામના મહાજનો/સંસ્થાઓએ હવે કચ્છમાં જમીનો લેવાની તૈયારી કરે. શું કદઓને ફરીથી કચ્છ ઉભું કરવામાં રસ છે ખરો? શું જ્ઞાતિને દરેક કદઓ સુખી, સ્વસ્થ અને ઘરબારવાળો થાય એમાં રસ ખરો ?

જો ૨૬૦૦૦નું કુલ સંખ્યા ધરાવતી જ્ઞાતિ જ્યાં જ્યાં વસે છે ત્યાં ત્યાં ઘર, સ્કુલ, દેરાસર બાંધ્યા છે તો કચ્છમાં જ્ઞાતિ માટે ઘર કેમ ન બાંધી શકે?

આપણને અરિહંત બેંકનું સફળ રીતે સંચાલન કરવાનો વર્ષોનો અનુભવ છે. હવે જરૂર છે એક કદઓ હોમ ફાઈનાન્સ કંપનીની જે જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને ઘર લેવા, ભાડું ચુકવવા અથવા તો કદઓ જ્ઞાતિ માટે રહેણાંક મકાનો બાંધવા મહાજનોને આર્થિક સહાય આપે. આ ઉપરાંત આ કંપની કચ્છમાં કદઓ જ્ઞાતિ માટે જમીનો ખરીદી અને એના ઉપર રહેણાંક મકાનો બાંધે. મહેરબાની કરીને એમ ન સમજતા કે પ્ર.સ. કોઈ સ્કીમ/યોજના ઉભી કરવાનું કહે છે. પ્ર.સ. કહે છે એક, કદઓ ઘર ખરીદી શકે એના માટે એચડીએફસી જેવી એક નાણાંકીય ધીરધાર કરનાર કંપની ઉભી કરે. જેમાં મુડી રોકાણ દરેક મહાજન અને જ્ઞાતિના ખમતીધરો કરશે અને એનો વહીવટ જ્ઞાતિના યુવાઓ જે આજે ભારતની મોટી કંપનીઓમાં મોટા હોદ્દાઓ માનભેર સંભાળી રહ્યાં છે, તેઓ કરશે.

મારી જાણ પ્રમાણે કેટલાક જ્ઞાતિજનોની પહોંચ નવી દિલ્હી સુધી છે. જ્ઞાતિમાં પૈસાની અને બુદ્ધિમત્તાની ખોટ નથી. જે દૂરદર્શિતા જ્ઞાતિજનો માટે મકાનો બાંધવામાં, વિદ્યાર્થીગૃહો બાંધવામાં અને અરિહંત બેંક ચલાવવામાં બતાવવામાં આવી છે એ દૂરદર્શિતા પાછી લાવી પડશે. રાતોરાત ગુંડાઓ દ્વારા પચાવી પાડવામાં આવેલી અનંતછાયાની જમીન જે રીતે સામી છાતીએ જઈને ખાલી કરાવી એ હિંમત પાછી લાવવી પડશે. પોતાના નિજી સ્વાર્થને બાજુમાં રાખવા પડશે. જ્ઞાતિની વસ્તી વધે એ માટે સભાનપણે પ્રયત્નો કરવા પડશે.

રહેઠાણના ભાવો નીચે આવવાના નથી. વસ્તી વધવાના કારણે રહેઠાણની માંગમાં વૃદ્ધિ થતી રહેશે. એટલે જ્ઞાતિની હોમ ફાઈનાન્સ કંપની હોવી જરૂરી છે.

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઈલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઈલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઈ શકાય.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૨૦, તા. ૨૦-૦૮-૨૦૨૩**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





(ભાગ : ૦૩)

લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(લેખકની નોંધ : પ્ર.સા.નાં નિયમીત વાચક, નિવૃત્ત પણ પ્રવૃત્ત, શિક્ષિકા શ્રીમતી વિજયા સામજી ધુલ્લાએ (સુથરી-અંજાર) પ્ર.સા.નાં દિનાંક પાંચમી જુલાઈ ૨૦૨૩નાં અંકમાં ''કચ્છ દર્શન ભાગ-૧'' વાંચી જણાવ્યું કે કંડલામાં સુનામી ૦૯-૦૬-૧૯૯૮નાં આવી અને ગાંધીધામ, અંજાર, મુન્દ્રા સુધીનાં ગામોને તારાજ કરી ગઈ એમનો આભાર.)



**અસીં ગિરિવર જા મોરલા કંકર ચુણ ચરોં,**
**રુત આવઈ ન બોલજે, ત હૈયે ફાટી મરો.**

કદાચ કચ્છમાં જેટલાં ''મોર'' પક્ષી જોવા મળતા હતા, તે ભારતભરમાં ક્યાંય જોવા મળતા નહીં. આજે ભારતનું રાષ્ટ્રીય પક્ષીનું બિરુધ્ધ પામનાર મોર નો કોઈક જમાનામાં તોટો ન હતો. કચ્છનાં ગામડાનાં જૈન દેરાસરો, તળાવ કિનારે કે કોક ગઢની રાંગે ''ટહુકા'' કરતા મોરનાં દર્શન થતાં જ.

પણ હવે પર્યાવરણનો આપણે આપણા જ પગ પર કુહાળી મારી વિનાશ નોતરયો છે. કચ્છનું વન સામ્રાજ્ય હવે કોક્રીટનાં જંગલોમાં ફેરવાયું છે, ત્યારે વિશાળ દરિયા કિનારો, બન્નીના અજોડ ઘાસ મેદાનો, કાળા ડુંગર જેવા ડુંગરોની હારમાળાથી સભર કચ્છની ભૌગોલિક રચના પર એક વિહંગવાલોકન કરીએ.

**● મહાભારતમાં કચ્છની ઓળખ ''આભીર''**

મહાન સિકંદરના એક સેનાપતિએ કચ્છને પોતાની નોંધમાં ''આલીરિયા'' કહ્યો છે, તો મહાભારતમાં કચ્છની ઓળખ માટેનો શબ્દ પ્રયોજાયો છે ''આભીર''. ભારતના મહાન વિવેચક મલ્લીનાથે કચ્છનો ઉલ્લેખ ''કાચબાના આકારનો પ્રાચીનતમ પ્રદેશ'' કર્યો છે.

''કચ્છ'' જિલ્લો ગુજરાત રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે. જે ૪૫,૬૭૪ કિ.મી.માં પથરાયેલો છે. ભારતમાં લેહ જિલ્લો કદાચ પ્રથમ નંબરે છે... કચ્છ જિલ્લો કચ્છનાં અખાતથી ઘેરાયેલો છે અને અરબી સમુદ્ર તેની દક્ષિણ-પશ્ચિમે ઘુઘવે છે. જ્યારે ઉત્તર અને કેટલોક દક્ષિણના ભાગમાં કચ્છનું પ્રખ્યાત મોટુ અને નાનું રણ આવેલું છે. આપણા પડોશી દેશ પાકિસ્તાનની પશ્ચિમી સીમા રેખા જમીન તેમજ દરયિાઈ માર્ગથી સંકળાયેલી છે અને તેથી હરામી નાળા અને કોરી ક્રીક પાસે તેમના માછીમારો આપણાં હંમેશા જાગતા રહેતા બી.એસ.એફ.ની નજરોમાં ઝડપાઈ જાય છે.

ઈતિહાસ અને ભૌગોલિક સંશોધને નોંધ લીધી છે કે કચ્છ ધરતી કંપોનાં કારણે અનેક વાર સમુદ્રમાં ડુબી પાછો ઉપર આવ્યો છે. અને આ વાત નખત્રાણા પાસે ધીણોધર જવાનાં રસ્તે શ્રી મોહનસિંહ સોઢા (નિવૃત્ત લશ્કરી ઓફિસર)નાં સંશોધન કરી સંગ્રહિત ''ફોસિલ પાર્ક''માં જોવા મળે છે.

કચ્છનાં લાલ ચોખા અથવા સિંધી રાઈસની પોઠો લખપત બંદરેથી દરિયાપાર જતી પણ ઈ.સ. ૧૮૧૯માં નારા નદી પર આવેલ ધરતી કંપથી (૭.૭ થી ૮.૨નાં સ્કેલ) લગભગ ૮૦ કિ.મી. લાંબો ૬ કિ.મી. પહોળા અને ૬ મીટરની સરેરાશ ઉંચાઈ વાળો ભાગ ઉપસી આવ્યો અને કચ્છમાં વહેતાં સિંધુના પાણી પાકિસ્તાન તરફ વળી ગયા. અત્યારની કેન્દ્રીય સરકારની વાટાઘાટો ચાલુ છે પણ એ નદી ઉપર પાકિસ્તાનમાં બંધાયેલ બંધમાંથી આપણને પાણી મળતું નથી. આ અલ્લાહ બંધના ધરતીકંપ પહેલાં કચ્છનાં લખપત, અબડાસા, નખત્રાણા તાલુકામાં ઉત્તમ ખેતી થતી પણ પછી પડેલા દુકાળોએ કચ્છીની કમર તોડી નાખી અને હિજરત કરી કચ્છની બહાર આજિવિકા અર્થે નીકળી પડ્યાં.

આવતા અંકથી કચ્છ દર્શન-પ્રવાસનાં આયોજનની રૂપરેખા આપીશ. જે આપને આપની આગામી યાત્રાનાં આયોજનમાં મદદગાર બની શકે...

**''મુંજી માતૃભુમિ કે નમન...''** (વધુ આવતા અંકે...)

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189

# પર્યાવરણનો રક્ષક... ''જૈન ધર્મ!''

જી હાં! પર્યાવરણનો એકમાત્ર રક્ષક ''જૈન ધર્મ'' જ હોઈ શકે છે! ''પર્યાવરણ'' એટલે પાંચ તત્ત્વોનું આવરણ (મિલાપ)! જલ, અગ્નિ, વાયુ, ધરતી અને આકાશ! તો ''જૈન ધર્મ''માં પૃથ્વીકાય, અપકાય (જલ), તેઉકાય (અગ્નિ), વઉકાય (વાયુ), વનસ્પતિકાય, ત્રસકાય (એકેન્દ્રીય, બેઈન્દ્રિય, તેઈન્દ્રીય, ચૌરેઈન્દ્રિય, પંચેન્દ્રીય) બાબતે જયણા પાળવા માટે વિશેષ પ્રકાશ પાડેલ છે.

અગર જૈન ધર્મના તત્ત્વોનો સમૂળથી આપણાં જીવનમાં યોગ્ય પરિપાલન કરવામાં આવે તો પર્યાવરણ સંબંધી ચિંતાઓથી માનવ મુક્ત બની શકે છે! નિસર્ગતઃ સૃષ્ટિમાં પૃથ્વી, આકાશ, જલ, અગ્નિ, વાયુ અને ત્રસ જીવોના સમાવેશથી આ મોટી પ્રકૃતિનું સર્જન (નિર્માણ) થાય છે, તો માનવ જીવન પણ ધરતી, આકાશ, જલ, અગ્નિ તેમજ વાયુના મિલાપ સર્જન(નિર્માણ)થી નાની પ્રકૃતિરૂપે વિકસિત થતું હોય છે!

અગર જો મોટી પ્રકૃતિનું સંતુલન બગડે તો નાની પ્રકૃતિનું સંતુલન પણ બગડે છે! જેમ કે, ગર્ભવતી સ્ત્રી (મોટીપ્રકૃતિ)ને કોઈ બીમારી થાય તો તેની આડઅસર તેનાં ગર્ભમાં સ્થિત ગર્ભ (નાની પ્રકૃતિ)ને પણ થતી હોય છે, તે પણ બિમાર બને છે! આવીજ રીતે અગર નિસર્ગ નામની મોટી પ્રકૃતિ દુષિત બને તો તેની આડઅસરરૂપે માનવી જીવન (નાની પ્રકૃતિ) પણ ગ્રસિત બને છે!

અગર ગર્ભાશયમાં પલીત ગર્ભ (નાની પ્રકૃતિ) સ્વસ્થ જોઈતું હોય તો તે ગર્ભની માતા (મોટી પ્રકૃતિ) પણ સ્વસ્થ હોવી નિતાંત અતિઆવશ્યક બને છે, તેવી જ રીતે અગર જો માનવી જીવન (નાની પ્રકૃતિ) સ્વસ્થ અપેક્ષિત હોય તો નિસર્ગ નામની મોટી પ્રકૃતિ પણ સ્વસ્થ હોવી અત્યંત આવશ્યક બને છે!

અને મોટી પ્રકૃતિ એટલે કે નિસર્ગની સ્વસ્થતા માટે પાંચેય તત્ત્વોમાં સંતુલન જાળવવું અત્યંત આવશ્યક બનતું હોય છે. ધરતી, આકાશ, જલ, અગ્નિ તેમજ વાયુને પ્રદુષણથી બચાવવું અત્યંત આવશ્યક હોય છે! તે માટે જૈન ધર્મમાં બતાવેલ છઃકાય વિરાધનાથી બચવા છઃકાયનું જયણા સંબંધનું આલંબન ઉપયોગમાં લેવું અત્યંત હિતાવહ બને છે! જેથી નિસર્ગ નામની મોટી પ્રકૃતિ પ્રદુષિત થતાં બચે છે અને આ મોટી પ્રકૃતિ થકી નાની પ્રકૃતિરૂપે માનવી જીવન પણ સ્વસ્થતા માણી શકે છે!

માટેજ પર્યાવરણનો રક્ષક એકમાત્ર ''જૈન ધર્મ'' જ હોઈ શકે છે!!!

– **મહેશ કાંતિલાલ ભવાનજી મોતા**, જલગાંમ(કુવાપધ્ધર)
મો. નં.: ૯૪૦૪૪ ૯૨૮૩૦

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. – તંત્રી મંડળ


**Exclusive Embroidery & Upto date Finishing**
જ્યોતિ *Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976 Follow us on


### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા–બારોઈ

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે આપણા સંઘમાં અચલગચ્છાધિપતી પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં તેમજ તેમના આશીર્વાદથી શ્રી ચંદ્રપ્રભસ્વામી જીનાલયે પુનઃપ્રતિષ્ઠા પ્રસંગે દ્વિદિવસીય મહોત્સવ તા.૧૬.૦૧.૨૦૨૪ મંગળવાર અને તા.૧૭.૦૧.૨૦૨૪ બુધવારના રોજ ગોએરસમા નગરે યોજેલ છે. વિધિકાર તરીકે શ્રી કેવલભાઈ સાવલા અને સંગીતકાર તરીકે શ્રી કિશોરભાઈ સંગાર રહેશે. આ પ્રસંગે ગામવાસીઓ અને નિયાણી બહેનોને સહપરિવાર પધારવા સપ્રેમ આમંત્રણ છે. આ પ્રસંગને યાદગાર બનાવવા પ્રયત્નશીલ રહીશું.

**નોંધ : આ પ્રસંગમાં આવવા માટે અગાઉથી જાણ કરશોજી તેથી આયોજન કરવામાં સરળતા રહે.**

–: સંપર્ક :–

| | |
|---|---|
| ધનપતિભાઈ મોમાયા | ૯૪૨૩૧ ૮૫૭૧૬ |
| અશોકભાઈ પોલડીયા | ૯૪૨૨૨ ૧૨૨૫૦ |
| કેતનભાઈ ગોસર | ૯૪૨૨૨ ૮૮૬૧૬ |
| ભુપેન્દ્રભાઈ ડાઘા | ૯૮૧૯૮ ૮૩૫૨૨ |

**લિ.: શ્રી ગોએરસમા બારોઈ મહાજન અને ટ્રસ્ટ**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

# श्री कच्छी दसा ओसवाल ज्ञातिजनों की कल्पवृक्ष बाबत बहुत ह्रदय स्पर्शी बात

सेवाभावी का चोला ओढ़े दक्षिण भारत एकमने १९९४ में कल्पवृक्ष नाम से एक योजना में सामान्य ज्ञातिजनों को लखपति बनाने के बडे बडे सपने बताए। हरेक शहरों के महाजनों को हमारे घर घर भेजा था। इन दोनों के उपर भरोसा रख हमने वृक्ष खरीदे थे तब कोई शर्ते नहीं थी। एकमने जो खुद के जाहेरातवाले बडे बडे रुपयो के आकडे छपे हुए पत्रक भेजे थे, एक लाख से ढाई लाख रुपये देने का वादा किया था । एकम के उसी बात से हमने एकम के उपर भरोसा करके हमारी मरण मुडी, महेनत पसीने के रुपयों से वृक्ष खरीदे थे। दो महिने बाद एकम की ओर से सर्टीफिकेट हमे मिले तब फ्रंट पर एकम के चैयरमेन सेक्रेटरी बडी बडी हस्तीओ के नाम सहीओं को देखते हुए उनके भरोसे अब हम लखपति जरूर बनेंगे की खुशी में और कुछ भी पढ़े बगैर तिजोरियों मे रख दिया था। दस वर्ष बाद एकम ने कहा सर्टीफिकेट के पीछे छपे नियम पढ़ लेना, तब हमें पता चला की एकमने हमारे साथ धोखेबाजी, समाज के साथ गद्दारी की है। खुद को बचानेवाले नियम योजना के शुरुआतवाले लालचभरे सब को लखपची बनाएंगे जैसे पत्रको पर कोई भी नियम नहीं छापे थे। एकम ने उस वक्त नियम छापने की कोई नैतिक जवाबदारी नहीं निभाई और जब समाजने बडे पैमाने पर वृक्षों की खरीद कर लिया उसके दो महिने बाद सर्टीफिकेट के पीछे नियमों की बौछार छाप कर सब को भेज दिया ताकी समय आते सब को कह सके के एकम की कोई जवाबदारी नहीं है। एकम तो सिर्फ कोर्डिनेटर–मध्यस्थ ही है। बात सच है की लाखों रुपये मध्यस्थ के नाम पर कमीशन ले लिया और वृक्ष धारकों के रुपये बोन प्लांटेशन को देकर उसी रुपयों से जमीन खरीदते वक्त एकमने खुद के नाम से जमीन खरीदी। यहाँ भी समाज के साथ गद्दारी कर ली, ताक़ि बाद में कह सके की जमीन तो एकम की हैं, वृक्ष धारकों का इससे कोई लेनादेना नहीं है। और यही बात आज धुरंधर एकम के अधिकारीगण कह रहे है। उपर से ज्ञातिजनों के उपर उपकार कर रहे है। एक लाख के बदले ८०० रुपये देने का प्रस्ताव पास कर दिया ओर जमीन बिक्री के करोडों रुपये खुद एकम रखेगी । बहाना बना रही है कि इसमें अपने समाज के तो सिर्फ ४०% लोग ही है ६०% लोग अन्य समाज के है। समाज का रुपया दुसरे समाज को चला जाएगा। कोई भी समाज हो, समाज ने दक्षिण भारत एकम के उपर भरोसा रखकर ही वृक्ष खरीदे थे तो अब वृक्षधारको की जमीन बिक्री के मिले ९.५ करोड रूपये दक्षिण भारत ऐकम जो खुद को मध्यस्थ कोर्डीनेटर कहते है वो किस अधिकार से रखना चाहते है ?

के.डी.ओ. ज्ञातिजन खुद के अधिकार के हक्क के रुपये दक्षिण भारत एकम पदाधिकारीयों से मांगने का इ–मेइल करते है तो बराबर जवाब देने के बजाय कहते है, जमीन के रुपये पर तुम्हारा कोई अधिकार नहीं। वो तो एकम को डोनेशन मिला है एकम कहता है बोन प्लांटेशनवालों से मांगो, जैसी बाते करके समाज को गुमराह कर रहे है। समाज ने दक्षिण भारत एकम से वृक्ष खरीदे है, न की बोन प्लांटेशनवालों से खरीदे है।

ज्ञातिजनो को सवा लखपति बनानेवाले दक्षिण भारत एकम के पदाधिकारीयों को समाज का रुपया रख लेना है और उपर से हम ज्ञातिजनों की सेवा के लिए बैठे है जैसी बाते करके समाज की आँखो में धूल भी जोंकनी है।

ज्ञाति के कल्पवृक्षधारक के.डी.ओ. समस्त महाजन प्रमुख श्री निशीथभाई दंड से निवेदन कर रहे है कि आप संपूर्ण समाज के उच्चतम पदासीन हो, आप सक्रिय समाजकार्य करते आ रहे हो, हमारे हक्क के एक लाख रुपये मिले, हमें न्याय दिला के समाज के इतहास में समस्त महाजन का नाम स्वर्ण अक्षरों में दर्ज कराने का सवर्ण अवसर है। समाज के सामान्य ज्ञातिजनों की हाय को पुण्य कर्म में बदलने का पुरूषार्थ समाज के सब श्रेष्ठीगण को एक होकर करना चाहिए । **जयश्री अनंतनाथ दादा!**

**कल्पवृक्षधारक ग्रुप – तेजकुमार जैन–राजकोट -96649 44346**

Advt.

**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૨૦-૦૮-૨૦૨૩


**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**

**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**




| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | | ■ | ■ | ૫ |
| | ■ | | | ■ | ■ | | ■ | ૬ | | |
| | ■ | ૭ | | ૮ | ■ | | ■ | | ■ | |
| ■ | ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | | ૧૨ | ■ |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | ■ | ૧૬ | | ■ |
| ૧૭ | | | ■ | ૧૮ | ૧૯ | ■ | ૨૦ | ■ | ■ | ૨૧ |
| | ■ | ■ | ■ | ■ | ૨૨ | | | | ■ | |
| ■ | ૨૩ | | | ■ | ■ | ■ | ■ | ■ | ૨૪ | |
| ૨૫ | | ■ | ■ | ■ | ૨૬ | ■ | ■ | ૨૭ | | ■ |
| | ■ | ■ | ૨૮ | | | | | ■ | ૨૯ | |
| ૩૦ | | | | ■ | | ■ | ■ | ૩૧ | | ■ |

**આડી ચાવીઓ :**

૧) શત્રુંજયના આદીનાથ જેવી જ બીજી પ્રતિમા ક્યાં છે (૩)

૩) 'શું મારા માથે પણ સ્વામી' એવું શ્રેણીક મહારાજાને જોઈ કોણ બોલ્યા (૪)

૬) સાથિયો કરવા વપરાતું એક ધાન્ય (૩)

૭) ઈન્દ્રની સભાના સભાસદ (૩)

૯) ચાતુર્માસ દરમ્યાન ગુરૂ ભગવંતોની ....સાંભળવાનો લાભ મળે (૨)

૧૦) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)

૧૧) કચ્છના આ ગામમાં ગોડીજી પાર્શ્વનાથનું જીનાલય છે. (૩)

૧૩) એક કર્મ (૨)

૧૪) ભવોભવ તુમ ચરણોની .... (૨)

૧૫) શત્રુંજય ઉપર દેવકીના ... પુત્રોની દેરી છે (૧)

૧૬) પાર્શ્વનાથના ગણધર કેટલા? (૨)

૧૭) સમવસરણમાંનો ગઢ જે માનવીઓના વાહન રાખવા માટે હોય છે (૩)

૧૮) ગુજરાતનું આદેશ્વરનું તીર્થ (૨)

૨૨) વલસાડ પાસે આવેલ એક તીર્થ (૪)

૨૩) ઉદેપુર નજીક આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)

૨૪) તન, મન, ..... પ્રભુના ચરણોમાં (૨)

૨૫) ૮૪ લાખ ....માં આપણો આત્મા ભ્રમણ કરે છે. (૨)

૨૭) ધન્નાજી પત્નીના .... સાંભળી વૈરાગ્ય પામ્યા (૨)

૨૮) પેથડ શાહના પુત્ર (૫)

૨૯) ૧૦૮માંના એક પાર્શ્વનાથ (૨)

૩૦) પાલીમાં આવેલ એક પાર્શ્વનાથ (૪)

૩૧) ઈલાચીકુમાર એક નટીના ....... માં પડ્યા હતા (૨)

**ઊભી ચાવીઓ :**

૧) આ મુની ચામડી ઉતરતા ઉતરતા કેવલી બન્યા (૩)

૨) સાધુ ભગવંતોનું પ્રવાહી લેવાનું એક ઉપકરણ (૪)

૪) ચાણસ્મામાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)

૫) હલકી જાતના દેવો (૩)

૬) આ એક કલ્યાણક હયાત નથી (૪)

૮) ઘણા શહેરમાં ..... હોય (૪)

૯) ગુજરાતનું એક તીર્થ (૩)

૧૨) વરસી તપના પારણામાં અપાય (૨)

૧૩) નરકના જીવો (૩)

૧૯) દાનના ક્ષેત્રો કેટલા ? (૨)

૨૦) મહાવિદેહ ક્ષેત્રમાં તિર્થંકર થશે (૨)

૨૧) ખંભાતમાં આવેલ પાર્શ્વનાથ (૩)

૨૩) આ ગ્રહ માટે મુનિસુવ્રતના દર્શન કરાય (૨)

૨૪) ચંદનબાળાના પાલક પિતા (૪)

૨૫) ચાર ગાઉ બરાબર એક ..... (૩)

૨૬) ગુજરાતનું એક તીર્થ (૩)

૨૮) ચક્રવર્તીની માતા ૧૪ સ્વપ્નો કેવા જુએ (૨)

**ધર્મસંદેશ - ૫.૦૮.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૧) પુણ્યાનું બંધી પાપ (૪) સાપડો (૬) માતર (૭) રજત (૮) શામળા (૯) મગ (૧૧)ટીકા (૧૩) અતિત (૧૪) પાલ (૧૫) શાંતિનાથ (૧૭) ઊંટડી (૧૯) કંબોઈ (૨૧) ચંદા (૨૩) શાલીભદ્ર (૨૫) રાજેન્દ્રસૂરી (૨૮) બે (૨૯) વિતરાગ. **ઊભી ચાવીઓ :** (૧) પુષ્કર દ્વીપ (૨) બંધ ૯૩) પાઠશાળા (૪) સાત (૫) પરમશાંતિ (૬) માળા (૧૦) કોકા (૧૧) ટીલડી (૧૨) પાના (૧૪) પાટ (૧૬) થમ્ભો (૧૭) ઊંબર રાણા (૧૮) દાદા (૧૯) કંસારી (૨૦) ઈશાન (૨૧) ચંદ્ર (૨૨) ઈન્દ્ર (૨૪) ભરત (૨૬) સૂરી (૨૭) રાગ.

# ઉત્કર્ષ ટ્રસ્ટની ઉદારતાને!

આપણાં જ એક K.D.O. સામાન્ય પરિવારના ત્રણ સંતાનોની ગત્ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ની રૂપિયા ૪૬ હજારની ફી ચુકવાઇ ન્હોતી. શાળાના સંચાલકોએ તેમનું રીઝલ્ટ કબ્જામાં રાખી, જાહેર કર્યું નહિં.

૨૦૨૨-૨૩ના વર્ષમાં ૨૧/૨૨ ના કોરોના કાળની અસરને કારણે એ કુટુંબના વડાની આર્થિક પાયમાલી સર્જાઇ ગઇ ! શારીરિક નબળાઇ વધી ગઇ. અનાજ કરિયાણાની નાનકડી દુકાનનો નાનો ધંધો પણ પડી ભાંગ્યો !

ઘરમાં મોટી ઉંમરની માતા સાથે ૬ જણાંના પરિવારને ખૂબ આર્થિક ભીંસનો સામનો કરવો પડ્યો. કોવિડના કારણે કોકને માંદગીનો પણ સામનો કરવો પડયો !

આપણાં સમાજની ગર્વમય સંસ્થા ઉત્કર્ષ ટ્રસ્ટ આર્થિક રીતે નબળા બાળકો શૈક્ષણિક સેવાથી વંચિત રહી ના જાય તે માટે મોનીટરીંગ કરી, એક ઉત્કૃષ્ટ કાર્ય છેલ્લા ઘણાંય વર્ષોથી કરતી આવી છે. એક સામાજિક કાર્યકરે ઉત્કર્ષ ટ્રસ્ટના ટ્રસ્ટી માહાશયોને ગત્ વર્ષની શાળાની ફી નહીં ભરાતાં, રીઝલ્ટ વિના, ગત્ વર્ષની ફી તો ઠીક પણ આ વર્ષે એ બાળકોને અધુરા અરજીપત્રક અંગેનું કારણ જણાવાયું.

અરજી પહોંચતાં, સંસ્થાએ વિગતવાર તપાસ કરી, જેમને હકીકતની વાસ્તવિકતા જણાઇ. ગણતરીના દિવસોમાં એ અરજદારના બેન્ક ખાતામાં, આ વર્ષની ફી તો જમા થઇ ગઇ, પણ ૨૦૨૧/૨૨ની ફી પણ ભરી દેવામાં આવી!

આપણાં સમાજના આવા જ નિષ્ઠાવાન, નિઃસ્વાર્થપણે પોતાના કિંમતી સમય સાથે તન મન ધનથી સેવા કરતા સમાજ શ્રેષ્ઠીઓના એ ગ્રુપને સો સલામ.

આંકડાકીય દૃષ્ટિએ સમસ્ત ભારતમાંથી કુલ ૩૦૮ જેટલા અરજદારોને રૂા. ૫૬.૭૦ લાખ જેટલી ભવ્ય રકમ શૈક્ષણિક સેવાર્થે સમયસર ફાળવી સમાજના શૈક્ષણિક માળખાને મજબુત પીઠબળ આપવા કટિબદ્ધ છે, જે અત્યંત અભિનંદનીય અને પ્રશંસનીય છે.

શૈક્ષણિક જગતમાં K.D.G. દિલાવર દાતાઓની સંખ્યા, દાનની રકમ, અને લાભાર્થીઓની સંખ્યા દિન બ દિન વધતી જાય છે તેનું મુખ્ય કારણએ સેવાભાવીઓની પોઝીટીવીટી જ છે તેમના સક્રીયતા, સજજનતા અને સકારાત્મકતાને સલામ.

**CA કુલીનકાંત ચાંપશી લુઠીયા** (ટ્રસ્ટી, માનવ જયોત)
મોઃ ૯૮૨૦૦૩૯૪૬૯


MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**જુની સાચી જરી ક્યાં વેચવાની....?**
**KDO સમાજની મુંઝવણ અને તેનો સાચો ઉકેલ...!**

**ગભરાઓ નહીં, આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન, 'પાંજી દુકાન' મહાવી સારીઝ (સાંતાક્રુઝ-વેસ્ટ)**

- જુની સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- જુનાં સાચી જરીના ઘરચોળા-બોર્ડર
- સાચી જરીના સેલા, કાંજીવરમ તથા પૈઠણી
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરનાં ચંદરવા-પોઠીયા
- છુટ્ટી સાચી જરીની ટીકી-સુરમો-કસબ તથા ઘુઘરી
- અમારી દુકાને વેંચવા લઈ આવો ને સંતોષકારક વળતર મેળવો.
- બીજે ક્યાંય જતાં પહેલા અવશ્ય અમારી દુકાનની મુલાકાત લો.
- અગર તમે અમારી દુકાને ન આવી શકતા હો તો અમને એક ફોન કરો, અમે તમારા ઘરે આવીને તમારી જુની જરીની Item પ્રમાણે રોકડા રૂપિયા આપીશું.
- ગ્રાહક ને ફાયદો વધારે થાય તેવી માત્ર એક દુકાન.
- **Free Home Visit any where any time**
- રોકડા પૈસા-તરત જ ફાઈનલ-સંતોષકારક વળતર

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91371 46272 / 96195 54801 (રવિવાર બંધ)**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ


**અભિનંદન**



**માનસી પરેશ લોડાયા**
સુથરી (બેતુલ/જલગામ/પુણે)

માનસીએ MBA સફળતાપૂર્વક COEP પુણેથી 8.73 CGPA સાથે પૂર્ણ કર્યું છે. B.Tech.(કોમ્પ્યુટર સાયન્સ), ૨૦૧૯ માં કે.જે.સોમૈયા કોલેજ ઓફ એન્જિનિયરિંગ, વિદ્યાવિહાર, મુંબઈ.

હાલમાં લેમ્મા ટેકનોલોજી પ્રા. લિ. પુણે માં એકાઉન્ટ મેનેજર તરીકે કાર્યરત છે.

**-: શુભેચ્છકો :-**

દાદી-દાદા : **માતુશ્રી ચંદનબેન જયચંદ લોડાયા (મલકાપુર)**
નાની-નાના : **માતુશ્રી પુષ્પાબેન દિનેશ લુઠિયા (રાયપુર)**
મમ્મી-પપ્પા: **સૌ.શીતલ પરેશ લોડાયા (બેતુલ)**
મોટા મમ્મી-પપ્પા: **સૌ.જસિકા રવિકાંત ગોશર(મલકાપુર)**
કાકી-કાકા : **સૌ.નૂતન મિતેશ લોડાયા (મલકાપુર)**
ભાઈ : **વેદાંત**

સમાચાર સંકલન – સંસ્થા સમાચાર, જ્ઞાતિ સમાચાર, વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી વિમલનાથ દેરાસરજી-બડગરાની નવી કમિટી-૨૦૨૩થી ૨૦૨૬ સુધી

પ્રમુખ : શ્રી કિર્તીકુમાર જીવરાજ પોલડીયા, માનદ્મંત્રીઃ શ્રી નરેન્દ્ર પ્રેમજી લોડાયા, સહ-માનદ્મંત્રી : શ્રી વસંત શીવજી પોલડીયા, ખજાનચી : શ્રી કાંતિલાલ નરશી દંડ, સહ-ખજાનચી : શ્રી અભયકુમાર જીવરાજ પોલડીયા, કમિટી મેમ્બરો : શ્રી દિલીપ પુનશી ધરમશી, શ્રી વીરચંદ દામજી મોતા, શ્રી પ્રજેશ કંચન અભયકુમાર પોલડીયા, શ્રીમતી રશ્મી સતીષ લોડાયા.

## શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ, યવતમાલમાં શ્રી કલ્પસૂત્ર પધરાવવામાં આવ્યું



## કિર્તીદા ભરત મેકાનીને સિંગાપોર પબ્લિક સર્વિસ મેડલ

(માધુરીબેન નવીનચંદ્ર સાનાવાલાના સુપુત્રી)



સીંગાપોર દેશની સેવા અને પ્રગતિ માટે સિંગાપોર ગવર્નમેન્ટ દ્વારા સિંગાપોર નેશનલ ડે ના ભાગરૂપે અપાતો પબ્લિક સર્વિસ મેડલ કિર્તીદા મેકાનીને તાજેતરમાં એનાયત કરવામાં આવ્યો. કિર્તીદાબેન સિંગાપોરમાં સ્થાયી છે અને સિંગાપોરના વિકાસ, પર્યાવરણ સંતુલન, શિક્ષણ અને એકતાને દઢ કરવા માટે પ્રયત્નશીલ છે.

## અંકુર ગ્રાંડને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય ઍવોર્ડ

ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય તરફથી હર ઘર તિરંગા સેલ્ફી અપલોડ કરવામાં સફળતા બદલ અંકુર ગ્રાંડ ચેન્નઈને આઝાદી કા અમૃત મહોત્સવ પ્રસંગે પ્રશસ્તીપત્ર એનાયત કરાયો છે.

## કલ્પેશ દંડને સેફ્ટી અને ઉત્પાદન વૃદ્ધિ માટે પુરસ્કાર







મંજલ રેલડીઆના બેતુલ (મ.પ્ર.) નિવાસી કલ્પેશભાઈ દમયંતીબેન/કાંતિલાલ દંડ, હાલ વેસ્ટર્ન કોલફિલ્ડ લિ. નાગપુરની પાથા ખેડા વિસ્તારની તવા-૨ માઈન્સમાં ખનન ચીફ એંજીનિયર છે.

આ ખાણના બધા જ સેફ્ટી ધારાધોરણ જેમ કે વેન્ટીલેશન, સેફ્ટી મેનેજમેન્ટ, ઉપરાંત આગલા વરસની સરખામણીએ કોઈપણ જાતની નુકસાની વગર ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કરવા બદલ રાષ્ટ્રીય સેફ્ટી પખવાડા નિમીત્તે નાગપુર ખાતે ૧૧.૮.૨૩ના રોજ યોજાયેલા વેસ્ટર્ન કૉલફિલ્ડ (WCL) સમારંભમાં ૨૩મો પ્રથમ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

## કીર્તિભાઈ ધરમશી જૂડો એસો.ના વા. પ્રેસીડન્ટ વરાયા

સુથરી બેંગ્લોર નિવાસી કીર્તિભાઈ ધનજી ધરમશી કર્ણાટક જૂડો એસોસિએશનના વાઈસ પ્રેસીડન્ટ નિમાયા છે.

## સખીવૃંદ મહિલા મંડળ-પુના



૨૪ જુનના ફુટકી સબ્જી વિષય પર નીતાબેન દંડના નિવાસ સ્થાને મીટીંગ યોજાઈ હતી. લેખાબેન માલદેએ એપ્રિલ મહિનાનો અહેવાલ રજુ કર્યો. નીતાબેને અનેક વાનગીઓની રેસીપી વિશે વિસ્તારપૂર્વક સમજાવ્યું. સોનલબેને નીતાબેન દંડનો આભાર વ્યક્ત કર્યો.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)**

## વતનના વર્તમાન
**સંકલન : કેસરસિંહ ખોના**

### અંજારનું વિખ્યાત કળશ સર્કલ

અંજાર-ભુજ રોડ પર અંજારની શોભા સમાન કળશ સર્કલનો કળશ બિપોરજોય વાવાઝોડામાં છુટો પડી જતાં કળશને એની મૂળ સર્કલની જગ્યા પર સ્થાપિત કરવાની માંગણી થઈ છે.

### ગાંધીધામ-જોધપુર ટ્રેન

હરિદ્વાર જવામાં મુશ્કેલી પડતી હોઈ ગાંધીધામ-જોધપુર ટ્રેનને બાડમેર-હરિદ્વાર મેઈલ સાથે જોડવાની માંગણી કરવામાં આવી છે.

### અમૃતભારત સ્ટેશન પુનર્વિકાસ યોજના

'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત વડાપ્રધાને દેશના ૫૦૮ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસ યોજના શરૂ કરી છે. કુલ ૨૫૦૦૦ કરોડની આ યોજના હેઠળ આવરી લેનારા સ્ટેશનોનો વિકાસ સિટી સેન્ટર તરીકે કરાશે. જેમાં બધી જ સુવિધાઓ વિશ્વસ્તરીય હશે.

આ ૫૦૮ સ્ટેશનોમાં ગુજરાતના ૨૧ સ્ટેશનો સામેલ કરાયા છે તેમાં કચ્છના ભુજ, ભચાઉ અને ગાંધીધામ સ્ટેશન સામેલ છે. જાણવા મળે છે કે બ્રોડગેજ રેલવે ૨૦૨૪માં નલિયા સુધી પહોંચી જશે.

### ભુજનો વિદ્યાર્થી જોધપુર બૂટ કેમ્પમાં

ભુજના 'યંગ ચાઈલ્ડ સાયંટીસ્ટ' વિજેતા પર્વ તૃપ્તી/શીતલકુમાર પંડ્યાની જોધપુર ખાતે યોજાનારા બૂટ કેમ્પ માટે પસંદગી થઈ છે.

ગુજરાત સાયંસ એન્ડ ટેક્નોલોજી કાઉન્સીલ (ગુજકૉસ્ટ) દ્વારા આયોજીત રાષ્ટ્રીય સ્ટેમ ક્વીઝ સ્પર્ધામાં પસંદ કરાયેલા કુલ પચ્ચીસ વિદ્યાર્થીઓને વિખ્યાત વિજ્ઞાન સંસ્થાઓની મુલાકાત કરાવાશે.

### નનામો ડુંગર બનશે પર્યટન મથક

સાંસદ વિનોદભાઈ ચાવડા ૭૪મા જિલ્લા વન મહોત્સવની ઉજવણીમાં સામેલ થયા હતા. તેમણે નનામા ડુંગરને ભુજિયાની જેમ પર્યટન મથક તરીકે વિકસાવવાનો ઈરાદો જાહેર કર્યો હતો. આ પ્રસંગે યોજાયેલા વૃક્ષારોપણમાં જિલ્લા પંચાયત પ્રમુખ પારૂલબેન કારા, ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા તથા મુખ્ય વન સંરક્ષક સંદીપકુમાર હાજર રહયા હતા. વૃક્ષારોપણ માટે કચ્છના વાતાવરણને અનુકૂળ દેશી બાવળ, પીલુ, લિયાર, ગાંગરી, ખેર, રોયડો વગેરેના ઉછેરની ભલામણ કરાઈ હતી.

### ક.યુ.નિ.ના ડીન ડૉ. કલ્પના સતીજાનો લેખ

કચ્છ યુનિવર્સિટીનો આર્ટસ ફેકલ્ટીના ડીન અને અર્થશાસ્ત્ર વિભાગના વડા ડૉ. કલ્પના સતીજાનો સંશોધન લેખ જર્મનીની વિખ્યાત પત્રિકા વૂમન એમ્પાવરર્સ વૂમન પત્રિકામાં પ્રકાશિત થયો છે. જેનો વિષય સંયુક્ત રાષ્ટ્ર સંઘના માનવ અધિકાર સંદર્ભે મહિલા અધિકારની ચર્ચાનો છે.

### મરીન કમાંડો કેમ્પસ હોથીવાંઢમાં વૃક્ષારોપણ

